જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૧/૦૩/૨૦૨૬ રવિવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૩૦૦/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૧ કેસ કરી, ૨૮ વ્યક્તિઓને ઝડપી, ૧૦૧ લીટર દેશી દારૂ, ૬૫ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૧૫૪ બિયર ટીન અને ૦૧ સ્કુટર કબજે કર્યુ હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૦૫ કેસ કરી, ૧૨ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૭,૦૬૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ અટકાયતઃ– **સમાચાર યાદી નં.૩૦૧/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૯૯ વ્યક્તિઓની તેમજ પ્રોહી.૯૩ મુજબ ૧૭ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

વિશ્વાસઘાત અને છેતરપીંડીઃ– **સમાચાર યાદી નં.૩૦૨/૨૦૨૬**

બોડકદેવઃ સચિનભાઇ ભુપેન્દ્રભાઇ પટેલ (ઉ.વ.૫૧)(રહે,નિલકંઠ સોસાયટી, ત્રિપદા સ્કુલ પાસે, રત્નાપાર્ક, ઘાટલોડીયા) એ તા.૨૮/૦૨/૨૦૨૬ ના રોજ બોડકદેવ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૪/૧૧/૨૦૨૫ થી તા.૧૧/૧૨/૨૦૨૫ સુધીના સમયગાળા દરમ્યાન સોલા સાયન્સ સીટી રોડ, ફોર્ચ્યુન બિઝનેશ હબ કોમ્પલેક્ષ ઓફીસ નંબર–૧૧૨૦ "સરતાજ પ્રા.લી." નામની સચિનભાઇની કંપની ખાતે અજાણ્યા વોટસએપ નંબર– ૯૪૫૦૫૫૩૬૫૯ થી સચિનભાઇને કોન્ટેક કરીને "વેરકા ઘી પ્રોડકટ" વ્યાજબી ભાવે અપાવા અંગેની વાત કરી, સચિનભાઇને વિશ્વાસમાં લઇ, બે અલગ–અલગ બેંક ખાતા (૧) ઇન્ડીયન બેંક એકાઉન્ટ નંબર ૮૧૭૩૬૧૮૬૫૭ અને (૨) ઇન્ડીયન ઓવરસીસ બેંક એકાઉન્ટ નંબર ૦૬૩૧૦૧૦૦૦૦૨૪૨૯૪ ના ખાતામાં કુલ રૂપિયા ૨,૫૧,૭૦૦/– ટ્રાન્સફર કરાવી લીધા બાદ "પેમેન્ટ અલગ–અલગ ટાઇમે કરેલ છે, તમે પૈસા એક શોટમાં ફરીથી મોકલો અને તમે પહેલા જે પૈસા મોકલેલ છે તે તમને પાછા મોકલુ છુ" તેમ કહી સચિનભાઇએ ચુકવેલ રૂપિયા પરત કરેલ છે તેવી ખોટી રસીદ બનાવીને મોકલી આપી, સચિનભાઇને ફરીથી એક શોટમાં રૂપિયા મોકલવા અંગેની માંગણી કરી, માલ અને રૂપિયા બંન્નેમાંથી કંઇપણ પરત નહી આપી સચિનભાઇ સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એ.એસ.પટેલ ચલાવે છે.

સાયબર ક્રાઇમઃ લાલજીભાઈ કરશનભાઈ જાદવ (ઉ.વ.૬૪)(રહે.ગાંધીનગર સોસાયટી ગોરધન પાર્કની બાજુમાં ભીમસિંઘની ચાલી સામે, જુના વાડજ) એ તા.૨૮/૦૨/૨૦૨૬ ના રોજ સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૦/૦૨/૨૦૨૬ થી તા.૧૫/૦૨/૨૦૨૬ સુધીના સમયગાળા દરમ્યાન લાલજીભાઈ જાદવના મોબાઇલ નંબર ઉપર અજાણ્યા મોબાઇલ નંબર +૯૧ ૯૦૫૩૦૭૮૫૨૫ ઉપરથી "મોહન" નામની વ્યક્તિએ તથા બીજા મોબાઇલ નંબર +૯૧ ૮૬૮૫૮૧૩૫૨૫ ઉપરથી "આશિષ" નામની વ્યક્તિએ ભેગામળી "ભુલથી ક્લોઝ પેમેન્ટની રકમ લાલજીભાઈ જાદવના બેંક ખાતામાં આવેલ છે" તેમ કહી લાલજીભાઈ જાદવના મોબાઇલ ફોનમાં નાણા જમા થયેલ છે તેવા ખોટા ટેક્સ મેસેજ મોકલી, લાલજીભાઈ જાદવને વિશ્વાસમાં લઇ ગુગલ–પે એપ્લિકેશનમાં રીક્વેસ્ટ મોકલી, અલગ–અલગ તારીખે ગુગલ–પે એપ્લિકેશન મારફતે કુલ રૂપિયા ૫,૫૫,૯૭૬/– ઓનલાઇન ટ્રાન્સફર કરાવી લઇ, લાલજીભાઈ જાદવ સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી ડી.વી.બરવાળીયા ચલાવે છે.

ચોરીઃ– **સમાચાર ચાદી નં.૩૦૩/૨૦૨૬**

દાણીલીમડાઃ દેવલ નરેન્દ્રભાઇ શાહ (ઉ.વ.૪૨)(રહે.પુર્ણેશ્વર ફલેટ, ગુલબઇ ટેકરા) એ તા.૨૮/૦૨/૨૦૨૬ ના રોજ દાણીલીમડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૫/૦૨/૨૦૨૬ બપોરના ૧/૦૦ વાગ્યાના સુમારે દેવલ શાહ નાઓની દાણીલીમડા ખાતે આવેલ "એસ.એસ.સોડા" નામની કંપનીમાં એકાઉન્ટન્ટ તરીકે કામ કરતો આરોપી મહેશભાઇ દિલીપભાઇ પટેલ (રહે. યશ ફલોરા, યશ પ્લેટીના પાસે, હરીદર્શન ક્રોસ રોડ પાસે, નિકોલ) એ કંપનીના ટેસ્ટી ફલેવર વિભાગના કેસ કાઉન્ટરમાંથી રોકડ રૂપિયા ૪૧,૫૦૦/– ચોરી કરી લઈ નાસી ગયો હતો. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી ડિ.બી.પરમાર ચલાવે છે.

આત્મહત્યાઃ– **સમાચાર ચાદી નં.૩૦૪/૨૦૨૬**

સરદારનગરઃ નોબલનગર, રૂષ્વીના પાર્ક ખાતે રહેતા મહેશભાઇ માલવીયા નાઓની ૧૬ વર્ષની પુત્રીએ અગમ્ય કારણસર તા.૨૮/૦૨/૨૦૨૬ સાંજના ૪/૩૦ વાગ્યા પહેલા પોતાના ઘરે ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે સરદારનગર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી જયેશકુમાર જયંતીલાલ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી